## વસ્તુપાળ–તેજપાળની જનેતા
# કુમારદેવીના પુનર્લગ્ન પાછળનો ઈતિહાસ

— શ્રી સુબોધચંદ્ર જૈન

ગુજરાતના ઈતિહાસરૂપી આકાશમાં ઝળહળતા તારક શા ચમકતા, મહા બુદ્ધિમાન, વીર શિરોમણિ, પરમધાર્મિક શ્રી વસ્તુપાળ અને તેજપાળની બંધવ બેલડીથી કોઈ જ અપરિચિત નથી.

જુદા જુદા ચરિત્રકારોએ તેમનાં જીવનચરિત્રને, તેમનાં સત્કૃયોની પરંપરાને, તેમના વીરત્વ તથા બુદ્ધિ કૌશલ્યને પોતપોતાના ગ્રંથોમાં નોંધી તેમને બિરદાવ્યાં છે.

પરંતુ સાથે ઈતિહાસમાં એ પણ નોંધાયું છે કે, તેઓ વિધવા માતાની કુક્ષિમાંથી ઉત્પન્ન થયેલા રત્ન હતા. અને તે પણ તે કાળમાં કે, જે કાળમાં આવું કૃત્ય તે અતિ-ઘૃણાસ્પ દદુષ્કૃત્ય હતું.

આટલે સુધીની વાત તો જનસમાજથી પરિચિત છે, પણ વસ્તુપાળ – તેજપાળની માતા કુમારદેવીએ જાતે પુનર્વિવાહ કર્યો હતો, પોતાની ઈચ્છાથી કર્યો હતો, સંયોગોએ તેમ કરવા તેને ફરજ પાડી હતી કે બીજુ કંઈ ન બનવાનું બનવા પામ્યું હતું ? તે અંગેનો ઈતિ-હાસ હજી મોટે ભાગે અંધકારમાં દટાયેલો છે.

વિક્રમ સંવત ૧૭૨૧માં પંડિત રંગવિજયગણિના શિષ્ય કવિ મેરુવિજયજીએ કર્ણાટકમાં આવેલા વિજાપુર નગરમાં વસ્તુપાળ–તેજપાળનો રાસ રચ્યો છે. તેમાં ઉપર્યુક્ત વિગતની અથેતિ ચર્ચા કરવામાં આવી છે. તે વિગતને રાસકારના શબ્દોમાં અનુવાદરૂપે રજૂ કરું છું :

પાટણ નામનું શહેર. ત્યાં સોમરાજ નામનો વાણિક વસતો હતો. પ્રાગ્વાટ તેનો વંશ. ત્રણ ત્રણ પેઢીથી તેનું ઘર જ્ઞાતિમાં આગેવાન તરીકે પંકાતું હતું. તેનો પુત્ર આસ-રાજ. આસરાજના કર્મસંયોગે લક્ષ્મી પગ કરીને ચાલી ગઈ. ચાલી ગઈ એટલું જ નહિ, પણ પેટ ભરવાના પણ સાંસા પડે તેવી સ્થિતિ ઊભી થઈ. પાટણમાં સૌની સામે નિર્ધન બનીને વસવા કરતાં, પાટણ છોડીને કોઈ નાના ગામમાં વસવાનો તેણે નિર્ણય કર્યો, અને એક દિવસ થોડી ઘરવખરી લઈ, તેણે પાટણ છોડ્યું. પ્રયાણ કરી નગર બહાર જતાં જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેણે સુંદર શુકનો જોયાં. ચાર પક્ષીઓને તોરણના આકારમાં બેઠેલાં જોયાં, દેવચકલીને સુંદર અવાજ કરતી જોઈ અને તેને મનમાં થયું કે, 'ચાલો, જ્યાં જઈશું, ત્યાં કંઈક ધન મળશે જ.' અને તેથી મનના ઉલ્લાસથી તેણે પ્રયાણ આગળ વધાર્યું. ચાલતાં ચાલતાં તે માલાસણ ગામમાં આવ્યો. ત્યાં ગામમાં પ્રવેશ કરતાં પણ શુભ શુકન થયા. તેને મનમાં આનંદ વ્યાપ્યો અને તેથી સર્વ પ્રથમ જિનાલયમાં જઈ ત્રિલોકેશ્વર ભગવાન જિનેંદ્રના ભાવપૂર્વક દર્શન કર્યા. ગામમાં ભાડાના મકાનની તપાસ કરી અને ચોખાવટી પાડામાં એક નાનકડું ઘર ભાડે લીધું અને દુઃખના દિવસો ધીમેધીમે પસાર કરવા લાગ્યો. તે ધર્મશીલ હતો. પરંતુ માનવીને કરેલાં કર્મો છોડતા નથી, એ ન્યાયે પૂર્વકૃત કર્મના યોગે તેનામાં લંપટપણું હતું.

રાસકાર લખે છે : 'દોહિલા દહાડા તે નિર્ગમે, લંપટપણું મન સાથે રમે.'

આમ છતાંય મનમાં ધર્મની વાસના હતી. ધર્મ વિના સુખ નથી, એ તેના ચિત્તમાં અંકાયેલું હતું, એટલે જ્યારે જ્યારે સમય મળે ત્યારે ત્યારે ધર્મકૃત્યો કરવા તરફ તેનો ઝોક વિશેષ હતો.

એક વખતની વાત છે. પાટણથી વિહાર કરતાં કરતાં આચાર્ય હરિભદ્રસૂરિ માલાસણ ગામમાં પધાર્યા. ગુરુ જ્ઞાની હતા, સમર્થ ઉપદેશક હતા. આસરાજને હરિભદ્રસૂરિના પરિચયથી ધર્મનો રંગ વધુ લાગ્યો અને તેણે પૌષધ, પ્રતિક્રમણ, ગુરુ પાસે અભ્યાસ, નવ તત્ત્વોનું જ્ઞાન વગેરે મેળવવા પ્રયત્ન શરૂ કર્યો. આસરાજ ભલે દરિદ્ર હતો, પણ તે વિનયવંત, ચતુર અને ગુરુનો ભક્ત હતો.

એક દિવસ તેણે રાત્રિના પૌષધ લીધો હતો અને આજની રાત તેણે શક્ય તેટલા અપ્રમાદમાં ગાળવાનો નિર્ણય કર્યો હતો.

પ્રાણી જો જિનેશ્વર ભગવંતની આજ્ઞાને સમજતો હોય, તો રાત્રિ પૌષધ એ પ્રમાદ કરવા માટે નહિ, પરંતુ શક્ય તેટલો અપ્રમાદ કેળવવા માટે છે, તે તેને સમજાવવું પડતું નથી. આસરાજ પણ નિદ્રા ત્યજીને, આળસ ખંખેરીને ઉપાશ્રયના એક ખૂણામાં જિનેંદ્ર ભગવાનના અપરંપાર ગુણોનું મનમાં ચિંતન કરતો બેઠો છે.

આ તરફ રાત વધવા લાગી એટલે શ્રાવકો પ્રતિક્રમણ પૂર્ણ કરી, ગુરુની ચરણસેવા કરી, પોતપોતાના સ્થાનકે રવાના થયા. આચાર્ય હરિભદ્રસૂરિને ખબર નથી કે, મકાનમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ શ્રાવક છે. તે સમયમાં, મુનિઓના ઉપાશ્રયમાં દીપક વગેરેનો લેશ પણ પ્રચાર ન હતો, એટલે અંધકાર હોવાથી કોઈ મકાનમાં હોય તો પણ દેખાવાની શક્યતા ન હતી. તે સમયે, કે જ્યારે રાત્રિનો લગભગ દોઢ પ્રહર વીતી ગયો હતો. આચાર્યની ઉપાસના કરતા તેમના એક વિનીત શિષ્યે આચાર્યશ્રીને પૂછ્યું : 'ભગવન્! જિનેંદ્ર શાસનનો પ્રભાવ ઝાંખો થઇ રહ્યો છે. પૂર્વકાળમાં જે ઉદ્યોત જિન શાસનનો હતો, તે ઉદ્યોત શું આ કાળમાં જોવા નહિ જ મળે?'

ગુરુએ કહ્યું : 'વત્સ! ચિંતા ન કર. તારા જેવો જ પ્રશ્ન મારા મનમાં પણ ઊઠયો હતો અને તેથી મેં મારા ધ્યાન બળથી શાસનદેવીને બોલાવી હતી અને આ પ્રશ્ન પૂછયો હતો. ત્યારે તેણે મને કહ્યું હતું : 'કુમારદેવીના નંદન શાસનના સુભટ થશે.'

શિષ્યે પૂછ્યું : 'ગુરુદેવ! મને બધી વાત માંડીને કહો. એ કુમારદેવી કોણ કે જેની કુક્ષિએ જિનશાસનના સુભટ પાકશે?'

ગુરુએ કહ્યું : 'વત્સ! આવી વાતો રાતના કરવી ન જોઈએ. કયારેક એનાથી અનર્થ થાય.'

પણ શિષ્યનો આગ્રહ ચાલુ જ રહ્યો. તેણે કહ્યું : 'અહીં કોણ છે કે અનર્થ થાય?'

છેવટે, શિષ્યના અતિ આગ્રહને વશ થઈ ગુરુને તે વાત કહેવી પડી. ગુરુને પણ થયું કે, અત્યારે કોણ સાંભળનાર છે?

હંમેશ, ભવિષ્યના ગર્ભમાં જે છૂપાયેલું હોય છે તે બનીને જ રહે છે, તે ન્યાયે જે બનવાનું નિર્માણ થયેલું હતું, તેને કોણ ટાળી શકે?

ગુરુએ કહ્યું : 'વત્સ! સાંભળ :

આ જ ગામમાં શ્રેષ્ઠિ આભૂ અને શેઠાણી લાછલદેની પુત્રી કુમારદેવી કે જે રૂપ, યૌવન અને ચતુરાઈમાં નિપુણ હતી. ચોસઠે કળા શીખેલી હતી. ચંપકવર્ણી તેની કાયા. જયારે તે પોતાના રૂપને મઠારતી અને સોળ શણગાર સજીને નીકળતી, ત્યારે લાગે કે, આ વિદ્યાધરી છે કે દેવકુમારી છે! એના જેવી સ્ત્રીઓ સંસારમાં ઓછી હશે, એવી તે રૂપ-સુંદર હતી. માતાપિતાએ તેને સારું ઘર અને સારો વર જોઈને પરણાવી. પણ કર્મ કોઈનો પીછો છોડતું નથી. આ કન્યા પણ પરણીને સાસરે ગઈ અને થોડા જ દિવસોમાં વિધવા બની. આખું કુટુંબ, માતા-પિતા ચોધાર આંસુએ રડયા. દીકરીના દુઃખની કોઈ સીમા નથી. થોડા સમય બાદ પિતા તેને પોતાને ઘેર તેડી લાવ્યા. અને આજે પણ કુમારદેવીના દુઃખે તે સદા સંતપ્ત રહે છે. આ કુમારદેવીની કુક્ષિથી ભવિષ્યમાં એ રત્નો પાકશે અને તે જિન શાસનનો ઉદ્યોત કરશે. આ પ્રમાણે મને શાસનદેવીએ કહ્યું છે.'

શિષ્યના આશ્ચર્યનો પાર નથી. આમ કેમ બને! તેનો કોયડો ઉકેલાતો નથી. પણ ગુરુનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથન મિથ્યા ન હોય તેવો તેને દઢ લિશ્વાસ હતો.

જિન શાસનના ઉદ્યોતની વાતથી શિષ્ય પ્રફુલ્લ બન્યો. ગુરુદેવની ચરણરજ માથે ચઢાવી તે નિદ્રાધીન થયો. ગુરુ પણ નિત્ય ક્રિયાઓ પતાવી નિદ્રાવશ થયા. આસરાજે આ બધી વાતો સાંભળી. તે વાતો તેના હૃદયમાંથી વિસરાતી નથી.

સવાર થઈ. આસરાજે પ્રતિક્રમણ પ્રતિલેખનાદિ કરી, પૌષધ પાર્યો. ગુરુવંદન કરે છે, ત્યા તો કુમારદેવી દેવપૂજન કરીને ગુરુવંદન કરવા આવી પહોંચી. ગુરુએ તેને જોઈ. રાતના શિષ્ય સાથે આ અંગે વાત થયેલ હોવાથી ધારી ધરીને જોઈ અને તેમનું મસ્તક હાલી ગયું. તેમને કયાં ખબર હતી કે, આસરાજે આ બધું સાંભળ્યું છે !

આસરાજે ગુરુની વાત સાંભળી હતી. પણ તેને એ ખબર ન હતી કે, આ તે જ કુમારદેવી છે, તેથી તેના મનમાં આશ્ચર્ય થયું કે, આચાર્ય મસ્તક શા માટે હલાવે છે ? તેણે કુમારદેવીના ગયા પછી વિનયપૂર્વક ગુરુને પૂછયું કે, 'આપે મસ્તક શા માટે હલાવ્યું ?' ત્યારે ગુરુએ લાભ જોઈને કહ્યું : 'આ વિધવા સ્ત્રી છે, પણ તેની કુક્ષિથી બે રત્ન પાકવાના છે, એમ તેના શરીરનાં લક્ષણો કહે છે. તેના ડાબા અંગમાં મસો છે, હાથ પર તલ છે.' પણ શાસનદેવીની વાત ન કહી.

આસરાજના મનમાં થયું : 'રાતે ગુરુએ જેને માટે વાત કરી તે આ જ. આ જો મારી પત્ની થાય તો કેવું સરસ થાય ! એક તો આવું રૂપસુંદર નારી રત્ન અને બીજું તેની કુક્ષિથી બે રત્ન પાકશે. આમ કામિની અને કીર્તિ એ બંને આને મેળવવાથી મળે. વળી, મારે પત્ની નથી. કારણ કે, પત્ની લાવવા માટે ધન જોઇએ. તે ધન મારી પાસે નથી. જો આને પરણું તો મારે પૈસા પણ ખર્ચવા ન પડે. કારણ કે, આ વિધવા છે. વળી પત્ની વિના જગતમાં જીવન પણ શા કામનું ! અને પત્ની વિના સંસારના ગમે તેવા સુખોની કિંમત પણ શી ! માટે ગમે તેમ કરીને હું આને મારી પત્ની બનાવું.'

આમ આસરાજ આશાના મિનારા ચણે છે. પણ કુમારદેવીના મનમાં આવો શોક જ ભાવ નથી. તે તો પોતાનું વૈધવ્ય ભૂલવા દેવપૂજા અને સ્વાધ્યાયનો આશ્રય લઈને જીવન વીતાવી રહી છે. જ્યારે અહીં આસરાજના મનમાં કુમારદેવી પ્રત્યે કામ પ્રગટયો છે અને એકપક્ષીય પ્રીતિ જાગૃત થઈ છે.

કુમારદેવીની સ્થિતિ શી છે ! તે રાસકારના શબ્દોમાં જ જોઈએ :

બાલી ભોલી ભામિની ભામે નવિ પડે રે, પાલે સમકિત સાર.<br>
છઠ્ઠ અઠ્ઠમ તપ પોસા અંગે આદરે રે, જાણે અથિર સંસાર.<br>
કીધાં કર્મ જીવ ભોગવે રે, કીધાને અનુસાર, એમ બોલે જિન નિરધાર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપે રૂડી, શીલે સોહે સુંદરી રે, ન કરે પુરુષનો સંગ;
કામી પુરુષ તે કેડ ન મૂકતો રે, કુમરી મન નહિ રંગ.
કીધાં કર્મ જીવ ભોગવે રે.
લંપટ લાલચી લોભી તે લવેં રે, તું મુજ હિયાનો હીર;
નયણે નિરખે હિયડે હરખે આપણે રે, પૂંઠે ફીરે સાહસ ધીર.
કીધાં કર્મ જીવ ભોગવે રે.
વચન વિકાર કુમરી પ્રતે વદેં રે, મૂકી કુળની લાજ;
અન્નોદક તે સર્વે પરિહરી રે, વિકળ થઈ ફરે આસરાજ.

આ રીતે આસરાજે કુમારદેવીને પોતાના તરફ વાળવા માટે શકય પ્રયત્નો, સંવનનો શરૂ કર્યાં. દિવસ ને રાત તેના મનમાં કુમારદેવીની જ રઢ લાગી છે.

અહીં રાસકાર કામીજનની દશા, તેના મનની સ્થિતિ તથા આ માર્ગેથી પાછા ફરવાની સલાહ આપે છે :

વિનય કરીને કુમરિ પ્રતે એમ કહે રે, સુણ સુંદરી સુખકાર;
આદિ જિનેશ્વર પૂર્વે એ વસ્તુ આદરી રે, આણી સુમંગલા નાર.
નંદિષેણ સરખા કરમે તે નડ્યાં રે, કીધાં એ વળી કર્મ;
સાધુવેષ મૂકી રમણી શું રમે રે, બારે વરસે કીધો અધર્મ.
અરણિક ઋષીશ્વર તે પણ ઈમ રહ્યા રે, પરસ્ત્રી મિલિયો સંયોગ;
કુબેરદત્ત કામી જગમાં કહ્યો રે, માય ભગિની વિલસ્યા ભોગ.
એહવાં વચન સુંદરી કાને નવિ ધરે રે, આસરાજ કરે દૂજો ઉપાય.

આસરાજે કુમારદેવીને જૈન શાસનમાં બનેલા દૃષ્ટાંતો આપીને સમજાવવા માંડ્યું: 'આદીશ્વર ભગવાને સુમંગલા સાથે લગ્ન કર્યું. તે પરણેલી જ (કોઈની સ્વીકારેલી જ) સ્ત્રી હતી ને! નંદિષેણ કે અરણિકે પણ પરસ્ત્રી સાથે જ ભોગ ભોગવ્યા હતા ને! અને કુબેરદત્તે તો માતા અને ભગિની બંનેને ભોગવ્યા. માટે, આ તો અનાદિ કાળથી ચાલતું આવ્યું છે. તેથી તું બીજો વિચાર ન કર.'

કુમારદેવી પોતાના શીલમાં દૃઢ હતી. તેણે આની એક પણ વાત જ્યારે ધ્યાન પર ન લીધી, ત્યારે આસરાજને થયું કે, આમ સમજાવ્યે માને તેવી આ નથી. માટે મારે બીજો ઉપાય કરવો પડશે. અને પછી તો ગુરુ પાસે જઈ પ્રતિદિન પૌષધ કરવા શરૂ કર્યા. વારંવાર પૂંજવું, જોઈને ચાલવું, મુખ આગળ મુખવસ્ત્રિકા રાખીને બોલવું, આવી બધી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મક્રિયાઓ તેણે શરૂ કરી. પ્રતિદિન તેની આવી ધર્મક્રિયા જોઈ સંઘના આગેવાનો અને અને શ્રેષ્ઠિઓ હર્ષિત થયા. સૌને થયું કે, કોઈ હળુકર્મી જીવ લાગે છે. નહિતર આવી યુવાનીમાં ધર્મ ગમે ખરો ! કુમારદેવીના પિતા આભૂ શેઠે પણ આને જોયો. મનમાં થયું કે, કેવો પાત્રભૂત આ સુશ્રાવક છે ! આવાને આપણે ઘેર જમવા બોલાવીએ તો આંગણું પણ પાવન થાય. અને શેઠે પારણા માટે પોતાને ત્યાં આવવાની હાથ જોડીને તેને વિનંતિ કરી.

જે તકની રાહ જોવાની હતી, તે આવી લાગી જાણી, આસરાજ પણ મનમાં ખુશ થયો અને બીજે દિવસે પારણા માટે આભૂ શેઠને ત્યાં ગયો. સુંદર ખાદ્યાન્નોથી તેની ભક્તિ કરવામાં આવી, પણ આસરાજને કયાં આનો ખપ હતો ! તેનું મન તો બીજી વાતમાં હતું.

તે નિરખે ગોખ મંદિર માળિયાં રે, નિરખે કુમરી ઘરબાર;
પોળ પ્રાકાર, શેરી બારી નિરખતો રે, નિરખે વળી તાળાકૂંચી સાર.

તેણે બહારથી ઘરમાં આવવાના માર્ગો, ગોખ, ઝરુખા, પોળ, શેરી ફરતો કોટ, બારી બારણાં, તાળાકૂંચી કયાં કયાં છે તે બધું જોઈ લીધું.

રાસકાર લખે છે : આના કરતાં તો શ્વાન ભલો કે તે જે ઘરનું ખાય તેનું હરામ ન કરે. પણ આ તો મહા હરામી નીકળ્યો.

આસરાજનું અહીં સ્વાગત થાય છે, ત્યારે તે વિચારે છે, કે આ કુમારદેવીને રાતના વખતે સમય પામીને આવીને ઉપાડી જાઉં ! તે સિવાય તેને મેળવવાનો બીજો માર્ગ નથી.

અને આ વિચારમાં ને વિચારમાં દિવસો વીતવા લાગ્યા.

આ તરફ આ ગામમાં જ રાજધર નામનો એક રબારી હતો. તેની પાસે ઘણાં બકરાં, ઘેટાં અને સાંઢણીઓ હતી.

આસરાજે તેની સાથે દોસ્તી બાંધી. દોસ્તી પણ એવી કે જીવ એક ને શરીર જુદું. પરસ્પરની ગુપ્ત વાતો પરસ્પરને કહે.

એક દિવસે અવસર પામીને આસરાજે કુમારદેવી પ્રત્યેના પોતાના અનુરાગની વાત, વિનંતિઓ કરવા છતાં કુમારદેવીનું તે તરફ દુર્લક્ષ્ય ઈત્યાદિ આને જણાવી.

રાજધરે તેને કહ્યું : 'જો તારામાં હિંમત હોય તો કામ તરત પતી જાય. હું તારી સહાયમાં છું. મારી પાસે ઘડીમાં એક જોજન પસાર કરે તેવી સાંઢણી છે. અને ભલા માણસ ! આમાં તો હામનું કામ છે. અંધારી રાતે મધરાતના સમયે ત્યાં પહોંચ અને છોકરીને ઉઠાવી લાવ. નાખ સાંઢણી પર અને થઈ જા રવાના. રાત આખી વીતે ત્યાં સુધીમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો તું ક્યાંનો ક્યાં પહોંચીશ. આ સિવાય આમાં બીજો રસ્તો જ નહિ અને વળી પાછળ કોણ આવવાનું છે ? '

આસરાજના મનમાં આ વાત હતી જ અને તેમાં આવી સલાહ મળી, સહાયક મળ્યો. તેથી તેણે એક અંધારી રાતે આ બાળવિધવાને ઉઠાવી જવાનું નિશ્ચિત કર્યું.

અને પછી શું બન્યું ? તે રાસકાર કહે છે :

નિદ્રાભર સૂતી સુંદરી, પોઢી છે પડસાલ; આકાશ આવી પાપીઓ, રજની હરે તે બાલ.
એહવાં કર્મ ન કીજીયે, જેણે દંડે રાય; માતાપિતા, ન્યાતિ પરિહરે, પરભવ નરકે જાય.
ચંચલણે ચોરી કરે, નિશભર નિદ્રા બાલ; જાગી અબલા, મુખ બાંધિયું, સાંઢ લેઈ, ચાલ્યો તત્કાલ,
ઘડીએ જોજન ચાલતી, આવી રજનીમાંય; આશાપલ્લીયે આવીઆ, નિર્ભય તે તિહાં થાય.

આ રીતે ભરઊંઘમાં પડેલી એ બાળા જાગીને કંઈ સમજે, તે પહેલાં તો તેના મોઢામાં બળાત્કારે ડૂચો મારી દેવામાં આવ્યો અને સાંઢણી પર નાખીને તેને ઉપાડી જવામાં આવી. ત્યાંથી આસરાજ રાતોરાત આશાપલ્લી (આજના અમદાવાદના સ્થળે) આવ્યો.

અહીં રાસકારે આશાપલ્લીનો ઈતિહાસ વર્ણવ્યો છે અને જણાવ્યું છે : ' પ્રથમ અહીં કર્ણાવતી નગરી હતી. પણ કાળક્રમે નગરો ઉજ્જડ બન્યાં. કર્ણાવતીનું પણ એમ જ થયું. ચોરોના વસવાટ અહીં શરૂ થયા. આશા નામના ભીલે અહિં પલ્લી વસાવી, તેથી નામ પડ્યું ' આશાપલ્લી.' જ્યારે અહમદશાહે અહમદાવાદ વસાવવાનું નક્કી કર્યું, ત્યારે અહીં રહેતા ભીલોને વશ કર્યા અને અમદાવાદની સ્થાપના કરી.

રાસકાર આગળ લખે છે :

હવે આસરાજ આશા ફળી, કેડે કો નવિ થાય; મનમાની તે માનિની, રાખી મંદિર માંય.
બાલી ભોલી ઝૂરતી, કિહા ભવનાં લાગ્યાં પાપ; સાધુ સંતાપ્યા મેં સહી છે, વિછોયા માબાપ.
કુડા કલંક સખી મેં દિયા, સાપણ મોસા કીધ; શુદ્ધ શીલ નવિ પાલયું, કોને દૂષણ દીધ.
જીભ ખડું, કાયા તજું, (પણ) એ વાત મુજથી ન હોય.

આટલું થવા છતાં કુમારદેવી પોતાના વિચારોમાં દઢ છે, વિલાપ કરે છે, રડે છે, પણ તેના વિચારોની સુંદરતા અછતી નથી રહતી. તે પોતાના કર્મને દોષ દે છે, ને પ્રાણ ત્યજવા સુધીના વિચારો કરે છે. આ તરફ આસરાજને લાગ્યું કે, આ કદાચ મરી જશે, અને તેથી તે તેને સમજાવે છે.

પ્રાણ પ્રિયા મુજ વલ્લભા, ગુરુ વચન સંભાળી જોય;
તુજ મુજ સરજ્યું એ સહી, દીજે કર્મને દોષ.
સરજ્યું કિમહી ન છુટયે, કિસ્યો કરો હવે રોષ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે કુમારદેવી પોતાની જીભ ખોલે છે અને કહે છે :

કહો કર્મ ઉદય મુજ આવીઆ, ન રહિ કુલતણી લાજ;
અકારજ કિમજ આદરું, સાંભલ્ય તું આસરાજ.

આ રીતે કુમારદેવી અકાર્ય કરવા, કુળની લજ્જા લોપવા લગીરે ય તૈયાર નથી. પણ –

પ્રાણી પ્રીતને શું કરે, પરવશ પડિ તે બાલ;
ઘરણી કરી ઘેર રાખતો, રૂપાચૂડ પહિરી રસાલ.
ઘરની મેળે ઘરણી હુઈ, હરખ્યે તે આસરાજ;
સોપારાપુર જાયશું, દેશ છંડી મહરાજ.

કુમારદેવી સમજી ગઈ કે, અહીં મારું કોઈ સાંભળનાર નથી અને તેથી પારધિને વશ પડેલી એ ભોળી પંખિણીને છેવટે આસરાજને વશ થવું જ પડ્યું. પણ તેનું મન આ દેશની સીમામાં પણ રહેવા તૈયાર ન હતું. કારણ કે, રખેને કોઈ પોતાને જુએ અને પોતાના કુળની, ધર્મની, માતપિતાની નિંદા થાય, તેથી દેશ બદલવાનો નિર્ણય કર્યો. અને બંને જણ દક્ષિણ દિશામાં આવેલા સોપારકપુરમાં આવ્યા.

રાસકાર ચરિત્રને આગળ ચલાવે છે, વસ્તુપાળ – તેજપાળના જન્મનો ઈતિહાસ દર્શાવે છે, પણ અહીં તે પ્રસ્તુત નથી.

આપણે એટલું જ જોવાનું છે કે, કુમારદેવીએ કરેલું પુનર્લગ્ન એ સ્વેચ્છાથી થયેલ પુનર્લગ્ન ન હતું, લગ્ન ન હતું, પણ એક ભોળી, ધર્મશીલ, નિર્દોષ બાલિકાનું કૂડકપટભરી રીતે અપહરણ કરી, જ્યાં તેનું રુદન સાંભળનાર પણ કોઈ ન હોય તેવા પ્રદેશમાં તેને લઈ જઈ તેના પર ગુજારાયેલું અમાપ દબાણ હતું કે, જે દબાણને વશ થયા વિના તેનો અન્ય ઉપાય જ ન હોય. એ વાત આપણને આ વાત દ્વારા જાણવા મળે છે.

[ 'જૈન'ના સૌજન્યથી]

* * *

---

एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचणं ।
नाणं नरस्स सारं, सारो वि नाणस्स होइ सम्मतं ॥

— भगवान श्री महावीर प्रभु

જ્ઞાન હોવાનો સાર એ છે કે, કોઈની પણ હિંસા ન કરવી. જ્ઞાન માનવતાનો સાર છે. જ્ઞાનનો સાર છે : સમ્યક્ત્વ.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org